Post Regd. No. GKCH- 2 / 2021 - 2023

કચ્છનું સૌથી જૂનું વર્તમાનપત્ર | પ્રેરક આદ્યસ્થાપક : સ્વ. ફૂલશંકર પટ્ટણી | :સહયોગ : શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ કુકમા(કચ્છ)

# જયકચ્છ

OLDEST NEWS PAPER OF KUTCH : JAYKUTCH

સ્થાપના તા. : ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૩૪ ★ સત્યાચરણ ★ સિધ્ધાંત નિષ્ઠા ★ પ્રબળ પુરૂષાર્થ

વ્યવસ્થાપક : ચન્દ્રવદન એફ. પટ્ટણી
સલાહકાર : મનોજભાઈ પી. સોલંકી
તંત્રી : તેજસ સી. પટ્ટણી

o સજીવખેતી o ગૌમહાત્મય o પર્યાવરણ o ગ્રામોત્થાન o સ્વાવલંબન o આરોગ્ય

★ વર્ષ ૮૯ ★ સંવત. ૨૦૭૮ ★ અ.શ્રાવણ વ ૧૪ ★ તા. ૧૫/૮/૨૦૨૩, ★ અંક ૧૫ ★ પાના ૪ ★ પોસ્ટ આવૃતિ તા. ૨૦/૮/૨૦૨૩ ★ RNI No. 1886/57

# પ્રકૃતિના આશિષરૂપ વરસાદી પાણીનું ટીપેટીપું સંગ્રહ કરીએં

**પાણીએ પ્રકૃતિનું મહામુલું વરદાન, માત્ર આપણી નાસમજીના કારણે, થોડા લાભ, થોડી લાલચ અને ભોગવાદી વિચારધારાને કારણે શ્રાપમાં ફેરવાઈ ગયું છે. ....**

ઘણાબધા લોકો કે જેઓ શહેરની વ્યવસ્થાથી જોડાયેલા હોવાથી વરસાદની માનવજીવન, પર્યાવરણીય અસર, આર્થિક અસર, અન્ય જીવો પર અસર તેમજ સમગ્ર વિશ્વની અનેક વ્યવસ્થાઓ પર વરસાદની અસર થતી હોય છે. તેનો અહેસાસ પણ રહયો નથી. અને વર્ષાજળના મહત્વની વાત કરીએતો એમ કહેવાય છે કે 'જળ, જમીન અને જોરુ ત્રણેય ઝઘડાના છોરુ' એમ પણ વાત ચાલે છે કે હવે પછીનું વિશ્વ યુધ્ધ એ પાણીને માટે હશે. તેમ છતાં જળ એ જ જીવન છે. જળ વિના જીવન નહીં, પાણીને આપણે બચાવીએ પાણી આપણને બચાવશે. સમગ્ર પ્રકૃતિની વ્યવસ્થાનો આધાર હવા પાણી અને ખોરાક છે. અને પ્રકૃતિ એ આ ત્રણેય વસ્તુ સહજ અને વિનામૂલ્યે આપી છે. અને એટલે જ આપણે હવા પાણીની મહત્તા ભુલ્યા છીએ. આપણે સૌ ચોમાસું બેસવાનું શરૂ થાય અને આ વર્ષનું ચોમાસું કેવું જશે તેના એંધાણ જોવાનું ચાલુ કરીએ છીએ અને સારા એંધાણના સમાચારથી આપણે પણ આનંદ થતો હોય છે. અને વરસાદ ખરેખર વરસે ત્યારે તો કયો એવો જીવ હશે કે જેને વરસાદના આનંદની અનુભુતિ નહીં થતી હોય. કદાચ એવો વ્યકિત કોઈ નહીં હોય.

વરસાદની ક્ષણો એવી છે કે માણસથી માંડી પશુ પક્ષી અને સમગ્ર પ્રકૃતિ રોમાંચિત થઈ નાચી ઉઠે છે. શહેરોમાં પણ લોકો નદી નાળામાં પાણી જોવા નીકળી જાય છે. ભોજનમાં પણ વિશેષ ભોજન માણે છે. દરેકના મન પર તેની સ્થિતિ જોવા મળે છે. વરસાદ સારો થાય તો શ્રાવણ મહિનાના મેળા મલાખડામાં પણ સંખ્યા વધી જતી હોય છે. અને જો દુષ્કાળ હોય તો તેની અસર દરેક ઉત્સવો, કાર્યક્રમોમાં આપણે ભેદ જોઈ શકીએ છીએ. આ બધું સહજ રીતે આપણી લાક્ષણિકતાઓ આપણે અનુભવીએ છીએ, જોઈએ છીએ. તેનું કારણ છે આપણો પાણી સાથેનો સીધો જીવન મરણનો નાતો છે. તેમ છતાં આપણો આપણી સાથેનો વ્યવહાર બરાબર છે ખરો? પાણી વિશેની સમજણ પૂરતી છે ખરી ? શું આ પ્રકૃતિનું વરદાન છે કે શાપ છે ? જીવન આપનારું પાણી મૃત્યુ માટે જવાબદાર કેમ? પાણી એ આપણું છે કે પંચાયત કે નગરપાલિકાનું ? વરસાદના પાણીથી આવતા પુર માટે જવાબદાર આપણે કે કુદરત ? અમૃત જેવું વરસતું પાણી ગટરમાં કેમ ફેરવાય છે? પાણીનો ઉપયોગ શું સમજદારીથી થયો છે ખરો ? પાણી એ ઉપયોગ કરવા માટે છે કે પછી વેડફી નાખવા માટે ? આપણા શાસ્ત્રોમાં પાણીને પવિત્ર શા માટે માનીએ છીએ ? આપણે નદીને માતા શા માટે માનીએ છીએ? જેવા અનેક પ્રશ્નો ધાર્મિક આધાર, પર્યાવરણના આધારથી, આર્થિક આધારથી જો વિચારીએ તો ધ્યાનમાં આવે છે કે પાણીએ પ્રકૃતિનું મહામુલું વરદાન, માત્ર આપણી નાસમજીના કારણે, થોડા લાભ, થોડી લાલચ અને ભોગવાદી વિચારધારાને કારણે શ્રાપમાં ફેરવાઈ ગયું છે. અને આ માટે આ વરદાન સ્વરૂપ આપણા જીવન સાથે જોડાયેલું પાણી આપણી ઉપેક્ષા દ્રષ્ટીથી આજે આપણને આનંદ આપવાને બદલે દુઃખના પ્રશ્નો ઉભા કરી દીધા છે.

આજના આપણા વિકાસની દુનિયાંમાં જે સહજ રીતે પ્રકૃતિએ જળ વ્યવસ્થાપન ગોઠવ્યું છે અને આપણને દર વર્ષે દરેક જગ્યાએ અમૃત સમાન પાણી પહોંચાડી નિયમિત રીતે જગતને તૃપ્ત કરી રહયું છે તેની સામે આજનો ભૌતિકવાદી અને કહેવાતો મોટો વૈજ્ઞાનિક માનવ શું આટલી સહજ વ્યવસ્થાને સમજીને સહજ રીતે દરેક જીવને આવું અમૃત જેવું પાણી ઉપલબ્ધ કરાવવાના બદલે પહેલાં અમૃત જેવા પાણીને દુષિત કર્યું છે અને ત્યારબાદ એ દુષિત જળને ફરી શુધ્ધ કરવા માટે અનેક પ્રકારના યંત્રો, રસાયણો, વ્યવસ્થાઓ ઉભી કરવાનો દાવો કરી કરી ગૌરવાન્વીત થઈ રહયો છે.

વરસાદનું અમૃત જેવું પાણી ધરતીમાં જયારે પડે છે ત્યારે આજની દુષિત ધરતી રસાયણ તત્વોથી મિશ્રિત થયેલી અને ઝેરી તત્વોથી બગડેલી હોય છે તેમાં પાણી પડતાંની સાથે જ અમૃત જેવું નીર ઝેરી બની જાય છે. બીજું પાણી વહીને દરિયામાં જઈને ખારું થઈ જાય છે અને જમીનના પાતાળમાં ચાલ્યું જાય છે અને આપણે સૌ એને જોઈએ છીએ અને વરસાદ બંધ થાય પછી પાણીના ઉપયોગ માટે ઉપલબ્ધીનો વિચાર કરીએ છીએ ત્યારબાદ દુષિત પાણી ડેમ, તળાવ પાતાળમાંથી મેળવવા માટે કેન્દ્રીત વ્યવસ્થાઓ ઉભી કરીને તેની પાછળ મોટા ખર્ચાઓ કરીએ છીએ.

તેવા ખર્ચાને પહોંચી વળ વા આપણે કલાકો સુધી કામ કરી કમાઈએ છીએ છતાં વરસાદ જેવું પાણી આપણે પી શકતા નથી. અપૂર્ણ તત્વો વાળું પાણી પીવું પડે છે. અને તે માટે મોટી કિંમત ચુકવવી પડે છે.

આ એક નાનો પાણી સાથેનો વ્યવહાર અને આપણી સમાજની વાત કરી, આવી તો અનેક પ્રકારે પાણીનો દુરૂપયોગ થઈ રહયો છે

**ઓનલાઈન લવાજમ ભરવા માટે**

ખાતાનું નામ : જયકચ્છ JAYKUTCH
બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા શાખા : ભુજ(કચ્છ)
ખાતા નંબર : ૩૧૮૩૨૮૫૨૭૯ 3183285279
આઈએફએસસી : CBIN0280589
રકમ જમા કરાવ્યા બાદ
મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯ પર જાણ કરવી
(વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/–)

# ગૌ ભકતો ! સરકારી કૂટ નીતિઓને સમજતાં શીખો

– અરવિંદ પારેખ

"ભારતમાં સંપૂર્ણ ગોવંશવધબંધીનો કેન્દ્રીય કાયદો થશે ?"

હા, અવશ્ય થશે.

"કયારે થશે ?"

જયારે ભારતમાંથી દેશી ગોવંશના ૮૦% પશુઓ નાશ પામી ચૂકયા હશે, કે નાશ પામવાની તૈયારીમાં હશે. ત્યાં સુધી કેન્દ્ર સરકાર સેમીનારો, પરિષદો, સમ્મેલનો દ્વારા ગોવંશવધબંધીના ઠરાવો થવા દેશે, જેથી એવો રેકર્ડ ઊભો કરી શકાય કે પ્રજાની માંગણીથી કેન્દ્ર સરકારે કાયદો કર્યો છે.

"૮૦% પશુઓના નાશની વાતનો કોઈ આધાર છે?"

હા, છે. સન. ૧૯૬૯માં જિનિવામાં વર્લ્ડ ડેરીની કોન્ફરન્સ થઈ હતી. તેમાં ભારતના પ્રતિનિધિ તરીકે મી. ખુરોડી હાજર રહ્યા હતા, અને તેમણે મત વ્યકત કર્યો હતો કે ભારતના લોકોની ધાર્મિક લાગણીને દુભાવ્યા વિના ભારતના ગોવંશના ૮૦% પશુઓનો નાશ જરૂરી છે.

ત્યારબાદ આ અભિપ્રાયનો ભારતમાં સતત પડઘો પડતો રહ્યો છે. એ અભિપ્રાય સફળ થાય એ રીતે સરકારી પશુપાલન નીતિ ઘડાતી રહી છે. તેનો એક પુરાવો છે ગોચર ભૂમિમાં થઈ રહેલા ઉતરોતર ઘટાડો. ગૌવંશનો નાશ કરવો હોય તો ગોચરભૂમિઓનો નાશ કરો.

"તો પછી કેન્દ્રીય કાયદાનો લાભ કોને થશે ?"

ત્યાં સુધીમાં સંકર પશુઓની (ગાયો) સંખ્યા ઘણી બધી વધી ગઈ હશે. કેન્દ્રીય કાયદો આ પશુઓનું રક્ષણ કરશે, કારણ કે એ પશુઓ દૂધ અને માંસ માટે ઉછેરતા હોય છે.

નેશનલ કેટલ કમિશન કે એવા કમિશનોની રચના પ્રજાની આંખમાં ધૂળ નાખવા માટે થતી હોય છે. વાસ્તવમાં આવાં કમિશનો માત્ર સૂચનો કરવાની સતા ધરાવતા હોય છે. તેઓ કાયદો કરવા માટે સરકાર ઉપર દબાણ લાવી શકતા નથી. ખુરોડીએ પોતાના આ અભિપ્રાયમાં ખૂબીપૂર્વક ધર્મ ઉપર ઘા કરવાની તક ઝડપી લીધી છે. ધર્મને નહીં માનનારા લોકોને, ધાર્મિક લાગણીઓને પશુઓના વિનાશમાં બાધક ગણાવી, ધર્મ વિરૂદ્ધ અને ધાર્મિક લાગણીઓ વિરૂદ્ધ ઉશ્કેરાવાની તક લઈ લીધી છે. સરકારી જુદાં જુદાં ખાતાંઓ જયારે જયારે જરૂર પડે ત્યારે આવા અભિપ્રાયનો આધાર લઈ લેતા હોય છે.

આપણી ભારતીય સંસ્કૃતિ એટલે સંસ્કારોનો ખજાનો છે. દરેક બાબતમાં આપણે સંસ્કારોને જ મહત્વ આપીએ છીએ. જન્મથી માંડીને મૃત્યુ સુધી સોળ સંસ્કાર ભારતીય સંસ્કૃતિમાં છે. તેમ મનુષ્ય જીવનમાં સંસ્કારોનું

# ગાયોને રખડતી મુકવી એ મહાપાપ છે

## ઢોરી ખાતે યોજાઈ ગૌકથા : ગાયોના મહાત્મય વિશે અપાઈ સમજ



ઢોરી : ગાયોને રસ્તે રઝળતી મુકવી એ મહાપાપ છે, જો ગાયોના વિજ્ઞાનને સમજી અને તેને ઘરઆંગણે કે ખેતરમાં બાંધીશું તો ચોકકસ સમૃધ્ધિના દ્વારા ખુલ્લી જશે તેવો ભાવ ઢોરી ખાતે યોજાયેલ ગૌકથા દરમ્યાન વ્યકત થયો હતો.

ભુજ તાલુકાના ઢોરી ખાતે ગૌસેવા સમિતિ, સમસ્ત ગ્રામજનો તેમજ ગૌસેવા ગતિવિધિ દ્વારા ગૌ કથાનું સૌપ્રથમવાર આયોજન થયું હતું. જેમાં વ્યાસપીઠ પરથી કથાકાર ધનેશ્વર મહારાજ (કિડાણા) એ ગાયમાતાના મહત્વનું રસપાન કરાવ્યું હતું. મુખ્ય યજમાન તરીકે ગામના ભગવાનજીભાઈ આહિર રહયા હતા. ત્રિદિવસીય કથામાં પોથીયાત્રા, કૃષ્ણ જન્મ, પ્રત્યક્ષ ગૌપૂજનલ વિદ્વાનોના વકતવ્ય જેવા મહત્વના કાર્યક્રમો યોજાયા હતા. ૯મીએ રાત્રે ૧૨ વાગ્યે કૃષ્ણ જન્મોત્સવમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડયા હતા. કથા દરમ્યાન રૂદ્રમાતા જાગીરના મહંત પૂ. લાલગીરીબાપુ, મેકરણદાદા પ્રગટપાણીના મહંત પૂ. વાલજીદાદા, અલકમઢી આશ્રમ ઢોરીના મહંત ગીરધરગીરી બાપુએ આશિર્વચન પાઠવ્યાં હતાં. અને આયોજનની પ્રસંશા કરી હતી. દેશી ગાયના તાજાં દૂધમાંથી રોજેરોજ પેડા બનાવી ઉપસ્થિત લોકોને પ્રસાદી સ્વરૂપે આપવામાં આવી હતી. દેશી ગાયના વિષયના ભેખધારી મનોજભાઈ સોલંકી, મેઘજીભાઈ હિરાણી, દિપકભાઈ પટેલ, પરબતભાઈ ગોરસીયાએ ગાયના સર્વાંગીણ મહત્વ વિશે સમજ આપી હતી. સ્થાનિક આગેવાન રૂપાભાઈ ચાડ પણ ઉપસ્થિત રહયા હતા. ગાય માતાના પ્રત્યક્ષ પુજનનો ગ્રામજનોએ લાભ લીધો હતો. યુવાનોએ ભાગ લીધો હતો.

## તા. ૧૨–૧૩– ૧૪ સપ્ટેમ્બરના યોજાશે સજીવ ખેતી તાલીમ

કુકમાના શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટના ચિંતન સાધના સ્થળ ખાતે તા. ૧૨–૧૩–૧૪ સપ્ટેમ્બરના નિઃશુલ્ક સજીવ ખેતી તાલીમ શિબિરનુ આયોજન કરવામા આવ્યુ છે. જેમાં બહેનો તથા ભાઈઓ સહપરિવાર ભાગ લઈ શકશે. તાલીમમાં વિભાવના, બીજ, રોગ, જીવાત, જમીનનુ બંધારણ, માર્કેટીંગ, ખેતી ખર્ચ ઘટાડવો જેવા વિષયોનું પ્રેકટીકલ, થીયરીકલ માર્ગદર્શન અપાશે. નામ નોંધણી માટે ૯૪૨૬૫ ૮૨૮૧૦ નો સંપર્ક કરવો.

**ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'**

આયુર્વેદમાં પ્રાચીનકાળથી ગાયનું દુધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના ચમત્કારીક પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર, મેવાસા, મમુઆરા વગેરે સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં પણ અનેક ગામોમાં આવી ઔષધિઓનો પ્રસાર વધી રહયો છે.

## ઈજન

સજીવ ખેતી, ગાય, પર્યાવરણ, પાણી, ગ્રામોત્થાનને લગતા લેખ, સમાચાર નીચેના સરનામે અવશ્ય મોકલશો. અમે તેને સ્થાન આપવા પ્રયાસ કરીશું.....

– જયકચ્છ કાર્યાલય, બીજા માળે, ૯, હાટકેશ કોમ્પલેકસ, છઠીબારી, ભુજ (કચ્છ)

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટ, ઠાકર મંદિર પાસે, જુનાવાસ, માધાપર(ભુજ)કચ્છ

ગૌકૃષિ સંશોધન કેન્દ્ર, આહિર સમાજવાડીની સામે, ગામડીયા ડુંગરની પાછળ, કુકમા (ભુજ)

મોબાઈલ : ૯૯૨૫૧ ૭૪૬૯૯,

નોધ : પત્રના લવાજમ પેટે વાર્ષિક સહયોગ રૂા. ૧૦૦/–


**સજીવ ખેતી ઉત્પાદન, ગૌ ઉત્પાદન તેમજ ગ્રામોત્થાનને લગતી પ્રવૃતિ ધરાવનારાને પ્રચાર પ્રસાર માટે ઉત્તમ તક**

- o એક વાર પ્રસિધ્ધિ: રૂા. ૨૫૦/– (૧ અંક)
- o એક વર્ષ સુધી પ્રસિધ્ધિ : રૂા. ૫૦૦૦/– (૨૪ અંક)
- o બે વર્ષ સુધી પ્રસિધ્ધિ: રૂા. ૧૦,૦૦૦/–(૪૮ અંક)

"જયકચ્છ"માં જાહેરાત આપવા માટે સંપર્ક કરો :
મો. ૯૯૨૫૧ ૭૪૬૯૯



## સત્વમ
નેચરલ અને ઓર્ગેનિક

- o પંચગવ્ય ઉત્પાદન
- o અનાજ
- o સિંધવ નમક
- o માટીના વાસણ
- o કાચી ઘાણીનું તેલ
- o બુરો (સાકર)
- o દેશી ગોળ
- o કાંસા, તાંબાં, પીતળ ના વાસણ
- o ગૌમૂત્ર અર્ક
- o ઔષધિઓ
- o મસાલા
- o ઘર વપરાશની વસ્તુઓ

**ક્રિષ્ના આર્કેડ, ગાંધી સર્કલ પાસે, ઓધવબાગ રોડ, માધાપર (ભુજ)**
**સંપર્ક : મો. ૯૦૮૧૧ ૧૭૦૭૭**


**"જયકચ્છ"માં ઓનલાઈન લવાજમ ભરવા માટે વિગત**

ખાતાનું નામ : જયકચ્છ
JAYKUTCH
બેન્ક : સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડીયા
શાખા : ભુજ(કચ્છ)
ખાતા નંબર : 3183285279
આઈએફએસસી : CBIN0280589
રકમ જમા કરાવ્યા બાદ મો.નં. ૯૯૨૫૧ ૭૪૬૯૯ પર જાણ કરવી
(વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/–)
(એક વર્ષથી વધુ સમય માટે પણ લવાજમ ભરી શકો છો)


**ગાય માતાનું દૂધ અમૃત છે તો તેના અનંત ઉપકારનું આર્શિવાદ સ્વરૂપ અમૃત એટલે 'ગૌ મુત્ર'**

આયુર્વેદમાં પ્રાચીનકાળ૯૮થી ગાયનું દુધ, દહીં, ઘી, ગૌમુત્ર, ગોબર વગેરેનું મહત્વ વર્ણવાય છે. આ દ્રવ્યોને આયુર્વેદમાં 'ગવ્ય' કહેવાય છે. આ પાંચેયને મેળવો તે પંચગવ્ય બને છે. આ પાંચેયના સ્વતંત્ર ગુણધર્મ અને ઉપયોગ છે. અને પાંચેય દ્રવ્યોનો ઉપયોગ ગૌમુત્ર ઔષધીમાં કરવામાં આવે છે. ગૌમુત્ર ઔષધિના ચમત્કારીક પરિણામો પણ જોવા મળ્યાં છે. કચ્છમાં લુણી, પ્રાગપર રોડ,કુકમા, નાની નાગલપર, અંજાર રતનાલ, મેવાસા સહિતના સ્થળોએ આવી દવાઓ બને છે ગુજરાતમાં પણ અનેક ગામોમાં આવી પ્રોડકટસનો પ્રસાર વધી રહયો છે.


## કુકમામાં પંચગવ્ય સુજોક ચિકિત્સા માર્ગદર્શન કેન્દ્રનો પુનઃપ્રારંભ

શ્રીરામકૃષ્ણ ટ્રસ્ટ દ્વારા કુકમા મધ્યે કાયમી પંચગવ્ય આર્યુવેદ ચિકિત્સા – માર્ગદર્શન કેન્દ્રનો પુનઃ પ્રારંભ કરાયો છે. ટ્રસ્ટના પ્રાકૃતિક ગ્રામ કુકમા ખાતે સુવિધા ઉપલબ્ધ છે. વધુ વિગતો માટે મોબાઈલ નંબર ૯૬૮૭૧ ૧૭૧૯૮નો સંપર્ક કરવો. નિદાન નિશૂલ્ક રહેશે. આ ઉપરાંત પંચગવ્ય આર્યુવેદ અને સુજોક પધ્ધતિની સારવાર જાણીતા આર્યુવેદ નિષ્ણાંત ડો. દિપકભાઈ ચૌહાણ પણ તેમની સેવા રોજ સવારે ૯–૩૦ થી ૫ દરમિયાન નિશૂલ્ક આપશે. જેનો લાભ લેવા જણાવાયું છે. આ ઉપરાંત શામજીભાઈ ભટ્ટી ગૌઆયુર સેલથેરાપી થી સારવાર આપશે.

## દર બુધવારે આર્યુવેદ કેમ્પ

શ્રી રામકૃષ્ણ ટ્રસ્ટના સંકુલ ખાતે દર બુધવારે જાણીતા વૈદ્ય અમિતભાઈ ત્રિપાઠી પોતાની સેવા આપે છે. જેનો સમય સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધીનો છે.


## વૈદ્ય પ્રતિકભાઈ કૃષ્ણકાંતભાઈ પંડયા
(બી.એ.એમ.એસ) આયુર્વેદાચાર્ય

**આયુર્વેદ અને પંચકર્મ દ્વારા સંપુર્ણ ચિકિત્સા**

**સોમવાર થી શુક્રવાર સવારે ૧૦ થી સાંજે ૭ સુધી**
**સંપર્ક : મો. ૮૧૫૫૯ ૯૨૦૦૪**

**શ્રી સર્વસેવા સંઘ કાર્યાલય,સંતોષ સોસાયટી, વી.ડી. હાઈસ્કુલની સામે, ભુજ(કચ્છ)**

# ગાયમાતાનો મહિમા સમજાવવાભુજમાં યોજાશે ગૌવિજ્ઞાન કથા: પરિવર્તન ફાઉન્ડેશનનું આયોજન

પરિવર્તન ફાઉન્ડેશન પવિત્ર શ્રાવણમાસમાં ભુજશહેર માં ગૌ નું વૈજ્ઞાનિક રીતે મહત્વ સમજાવવા કથાનું આયોજન કરેલ છે. કથા તારીખ ૨૪મી ઓગષ્ટ થી ૨૮મી સુધી પાંચ દિવસ યોજાશે જેનો સમય બપોરે ૩ થી ૬, દરિયાલાલ ચોક, પહેલા ગેટ પાસે, પ્રમુખસ્વામી નગર, ભુજ રહેશે.

તારીખ ૨૪/૦૮ ના સવારે ૧૦ કલાકે પ્રમુખ સ્વામી નગર સ્થિત શ્રી આશાપુરા મંદિરેથી પોથી યાત્રા નીકળશે તથા ૧૧.૧૫ કલાકે દીપ પ્રાગટય તેમજ ગૌ પૂજન કરવામાં આવશે અને ગૌ વિજ્ઞાન કથા પ્રારંભ કરવામાં આવશે.

વકતા શ્રી શાસ્ત્રીજી હરેશભાઈ જોશી તેમજ સંચાલક તરીકે મહેશભાઈ ઠક્કર, ધવલ ડુડિયા, તેમજ સુરેશ બિજલાણી રહેશે. વિજ્ઞાન પ્રવાહમાં ભણતા બાળકો માટે સુનેરો અવસર કેમકે આ પેઢી જો ગૌ માં રહેલ તત્વો ને જાણશે અને અમલમાં મુકશે તો સૌ માટે લાભદાયી છે.

ગૌ ને સૌ લોકોએ માતાનો દરજ્જો તો આપ્યો પણ માતા તરીકેની ગણના સમજાવવા દરરોજ અલગ અલગ ગૌ પ્રેમી વકાઓ દ્વારા આશીર્વચન જેમાં પ્રથમ દિન મનોજભાઈ સોલંકી (કુકમા) : શાશ્વત સમૃધ્ધિનો મૂલાધાર ગૌ માતા, દ્વિતીય દિવસ કમલેશભાઈ ભગત (હળવદ) : સનાતન સંસ્કૃતિના ચાર આધારસ્તંભ ગાય, ગીતા, ગંગા, ગૌરી તૃતીય દિન મેઘજીભાઈ હીરાણી (નાગલપર) : ગૌ માતા એક ડોકટર ચોથો દિવસ દેવચરણ સ્વામી (સ્વામીનારાયણ મંદિર) : માનવજીવનમાં ગૌ માતાનું મહત્વ, પાંચમો દિવસ વેલજી ભાઈ ભુડિયા : કૃષિ વિકાસ સંદર્ભે ગૌ માતાનું મહત્વ, કાંતિભાઈ પટેલ (સુખપર) : ગૌ માતા એ સમસ્ત પરિવારનું અભિન્ન અંગ છે. અને સનાવી ડુડિયા (ભુજ) : હું ગૌ છું અને આપની માતા છું પર લોકોને આશીર્વચન આપશે.

શાસ્ત્રીજી હરેશભાઈ ગૌ ની ઉત્પતિ, દેવો સાથેનું મહત્વ, ગૌ માતામાં રહેલા તત્વોનું વૈજ્ઞાનિક મહત્વ ગૌ આધારિત ખેતીનું મહત્વ, ગૌ આધારિત જીવન તેમજ મનુષ્યજીવનમાં ગાય માતાનું મહત્વ, કૃષ્ણજન્મનું રસપાન કરાવશે

કથાના મુખ્ય યજમાન અનશનવ્રતધારી, જૈન સમાજરત્ન શ્રી તારાચંદભાઈ જગદીશભાઈ છેડા, હંસાબેન છેડા તેમજ યજમાન શ્રી મનોજભાઈ સોલંકી, તેમજ અન્ય યજમાનોમાં મહેતા મણીલાલભાઈ, વિનોદભાઈ પટેલ, સ્વ. રતનબેન અજાણી હ. વસંતકુમાર અજાણી, અ.નિ. ખટા ભાઈ, આશીર્વાદ મહિલા મંડળ, ગાયત્રી સત્સંગ મહિલા મંડળ, રઘુવંશી મહિલા મંડળ નિમિતે બનેલ છે.

આ કથામાં વિશેષ ઉપસ્થિતિમાં રાણી પ્રીતિ સાહેબા, કુંવર તેમજ રાજકીય આગેવાનો તેમજ સાધુ સંતોને આમંત્રિત કરેલ છે.

આ કથાનું આયોજન મયુર સી. ગોહિલ(પ્રમુખ) તેમજ સમસ્ત પરિવર્તન સંસ્થાની ટીમ દ્વારા કરશે.

**:કથાના આકર્ષણ આયોજનો :**

o મહાઆરતી, સંસ્કૃતિક કાર્યક્રમ, સતવાણી (રાજુભાઈ, નવીનભાઈ ગ્રુપ), રાસોત્સવ (અનિરુદ્ધ આહીર), ભક્તિ સંગીત (ભવ્યાંક જાની)

o દરરોજ ગૌ પ્રેમી વ્યક્તિ્વ દ્વારા આશીર્વચન

o બાળકો દ્વારા ગૌ વિષે પોતાનું મંતવ્ય તેમજ ચિત્ર પ્રદર્શન

o લંપી વાયરસ વખતે લક્કી ડ્રો નું પણ ભવ્ય આયોજન જેમાં સંસ્થા દરેક ગૌ પ્રેમી ને આશ્વાસન ઈનામ આપવાનું આયોજન કરેલ છે.

# ઘરઆંગણે તાજાં શાકભાજી : આરોગ્યની સાચી હસ્તરેખા

આજકાલ સમગ્ર વિશ્વમાં 'ગ્લોબલ વોર્મિંગ'ને કારણે આવનારી પરિસ્થિતિથી આપણે ચિંતીત છીએ. ભૌતિકવાદના એક તરફી વિકાસને કારણે પ્રકૃતિના પર્યાવરણને ભારે નુકશાન પહોંચ્યું છે. જેની જાણ થતાં સમગ્ર વિશ્વ સફાળું જાગ્યું છે અને આવનારા વિનાશને ખાળ વા આપણે સૌ આપણાથી થઈ શકે તેવા ઉપાયો શોધી એમાં આગળ વધવાનું છે. જેમાં એક અતિ મહત્વનો ઉપાય છે કે, પ્રત્યેક માનવીને એના ખોરાકમાં 'તાજા અને લીલા શાકભાજી' મળવા જોઈએ. ઘર આંગણે શાકભાજી ઉછેરવાથી વાતાવરણમાં પ્રાણવાયુનો વધારો થાય છે. શરીરને સુરક્ષા કવચ, રસાયણ મુકત ખોરાક, શરીરનો યોગ્ય વિકાસ તથા પૂરતા વિટામીનો મળે છે. બાળકોને જો બચપણથી પૂરતા પ્રમાણમાં તાજા અને લીલા શાકભાજી ખોરાકમાં મળતા રહે તો એમાં રહેલા વિટામીનોના કારણે એમના શરીરનો વિકાસ અને ઘડતર સારી રીતે થાય છે.

ધાણા, મેથી, પાલક , ટમેટા, રીંગણા, દૂધી, કાકડી, ભીંડા, ચિભડા, પપૈયા જેવા જરૂરી શાકભાજી ઘર આંગણે વાવી શકાય છે અને તાજા લીલા શાકભાજીનો ખોરાકમાં ઉપયોગ લઈ શકાય છે.




# પંચ સંસ્કારના સથવારે ગાય આધારિત સજીવ ખેતી

આપણી ભારતીય સંસ્કૃતિ એટલે સંસ્કારોનો ખજાનો છે. દરેક બાબતમાં આપણે સંસ્કારોને જ મહત્વ આપીએ છીએ. જન્મથી માંડીને મૃત્યુ સુધી સોળ સંસ્કાર ભારતીય સંસ્કૃતિમાં છે. તેમ મનુષ્ય જીવનમાં સંસ્કારોનું મહાત્મય છે એ રીતે ગાય આધારિત સજીવ ખેતી પણ જો સંસ્કારના સથવારે થાય તો તેની સાત્વિકતા વધી જાય છે. આવો આપણે આ પંચ સંસ્કાર કયા છે અને તે કઈ રીતે થાય છે તેની માહિતી મેળવીએં.

(૧) ભૂમિ સંસ્કાર: વડિલોપાર્જિત કે ખરીદેલી કે ભાડાની રાખેલી ખેતીવાડીની જમીનમાં આપણા પૂર્વજો દ્વારા લખાયેલ ગ્રંથ "વૃક્ષ આર્યુવેદ" મુજબ જો દિશા પ્રમાણે વૃક્ષોનું વાવેતર કરવામાં આવે તો ભૂમિની ઉર્જા ખૂબ જ વધી જાય છે. પૂર્વ દિશામાં વડ, અગ્નિ દિશામાં દાડમનાં બે ઝાડ, દક્ષિણ દિશામાં ઉંબરો, નૈઋત્યમાં ખાટી આંબલી, પશ્ચિમમાં પીપળો, વાયવ્યમાં બિલ્વપત્ર, ઉત્તરમાં પારિજાત કે ચંપો, અને ઈશાન દિશામાં બે આમળાનાં વૃક્ષ વાવવાથી હકારાત્મક ઉર્જા મળે છે.

એક એકરમાં એક વર્ષ કોઈપણ પાકમાં ૨૫ લીટર ગૌમૂત્ર જમીન તૈયાર કરતી વખતે અથવા પાક વાવતાં પહેલાં કોઠાસૂઝ મુજબ પાણી સાથે દસમા ભાગે આપવું. એક એકરમાં એક વર્ષ કોઈપણ પાકમાં ૨૫ કિલો જેટલી દેશી ગાયના છાણાંની ભસ્મ (રાખ) જમીન તૈયાર કરતી વખતે કોઠાસૂઝ મુજબ આપવી, એ જ રીતે એક એકરમાં એક વર્ષ સુધી કોઈપણ પાકમાં ૨૫ લીટર કાચું દિવેલ (એરંડીયું) ભૂમિ પર જમીન તૈયાર કરતી વેળા આપવું.

આ રીતે ભૂમિ સંસ્કાર કર્યા બાદ જમીન ખૂબ જ બળવાન બને છે. તેમજ રોગમુકત બને છે.

(૨) બીજ સંસ્કાર : ખેતીમાં બીજ એ મહત્વની બાબત છે ત્યારે બીજ સંસ્કારિત કરવાં બહુ જ જરૂરી છે.

૧૦ લીટર પાણી, ૧ લીટર ગૌમૂત્ર (તાજું કે વાસી), એક કિલો દેશી ગોળ, ૫૦ ગ્રામ ચૂનો, ૧૦૦ ગ્રામ હળદર પાવડર, ૧૦૦ ગ્રામ દેશી ગાયનું દૂધ, ૧૦૦ ગ્રામ દેશી ગાયના છાણાની ભસ્મ (રાખ), આ બધી વસ્તુને પ્લાસ્ટીક અથવા માટીના વાસણમાં મિશ્ર કરી બાર કલાક પછી હલાવી ૨૪ કલાક પછી કોઈપણ પાકનાં બિયારણોને પટ આપી શકાય. ઉપરોકત દ્રાવણનો ઉપયોગ દશ દિવસ સુધી થઈ શકે. જમીનથી ઉપરના પાકો માટે તેને ચડતા ક્રમમાં એટલે કે સુદ બીજ થી પૂનમ સુધી વાવેતર કરવું તો જમીનની અંદરના પાકોને ઉતરતા ક્રમમાં એટલે કે વદ બીજથી અમાસ સુધી વાવેતર કરવું. દા.ત. જમીનની ઉપર વિકસીત થતા પાકો એટલે કે કપાસ, મરચી, મકાઈ, કઠોળ વગેરે વગેરે... અને જમીનની નીચે વિકસતા પાક જેવા કે ડુંગળી, લસણ, આદુ, હળદર, બટેટા વગેરે વગેરે...

(૩) પાણી સંસ્કાર : પાણી પણ ખેતી માટે પાયાની બાબત છે. જો પાણીને સંસ્કારીત કરીને નાખવામાં આવે તો મોટા ભાગની સમસ્યાઓનો હલ મળી રહે છે. આવો આપણે પાણીને સંસ્કાર કઈ રીતે આપી શકાય તે જાણીએ.

દર્ભ (દાભડાનો ઉપયોગ) – દર્ભ અમાસ એટલે કે કૃષ્ણ ભગવાનના જન્મના માસ શ્રાવણ માસની અમાસે ખેંચેલો દર્ભ એક વર્ષ કામ આપે છે. વર્ષની અગિયારમી અમાસે ખેંચેલો દર્ભ એક માસ કામ આપે, વર્ષની કોઈપણ પૂનમે ખેંચેલો દર્ભ ૧૫ દિવસ કામ આપે અને દરરોજ ખેંચીને લાવેલો દર્ભ એક દિવસ કામ આપે છે.

દર્ભ ખેંચતાં પહેલાં બોલવાનો મંત્ર :

" કુશાગ્રે વસતે રૂદ્ર, કુશમધ્યે તુ કેશવ, કુશમુલે વસતે બ્રહ્મા, કુશામ્ભે દેહી મેધીની, કુશોષી કુશપુત્રોશી, બ્રહ્મણા નિમિતપુરા, દેવપિતૃ હિતાર્થાય, કુશમુત્યાદ યામ્યહમ "

કુવા દ્વારા પિયત કરતા હો તો દર્ભને ખેંચીને તેનો ૨૦૦ થી ૪૦૦ ગ્રામનો પુડો બનાવીને કુવામાં નાખી દેવાનો, બોર દ્વારા પિયત કરતા હો તો ખુલ્લી પિયતમાં દર્ભ ઉપરથી પાણી પસાર કરો, ડ્રીપ કે સ્પીંકલરનો ઉપયોગ હોય તો ફિલ્ટર યુનિટમાં દર્ભની ચાર–પાંચ ઝૂડી મુકી દેવી.

આકડાનો ઉપયોગ – જે શ્રધ્ધાથી હનુમાનજીને આકડાનાં ફુલની માળા ચડાવીએ છીએ તે માળાને કુવામાં કે પિયતમાં તેના પર નાખી પાણી પસાર કરો. જો ડ્રીપ કે ફુવારા પધ્ધતિ હોય તો માળાને આઠ દિવસ પાણીમાં પલાળીને ડ્રીપ કે ફુંવારાના પાણીમાં નાખી દયો. આકડાની ડાળી, ફળ, ફૂલ વગેરેનો ઉપયોગ કરી શકાય.

રાખનો ઉપયોગ – ગાયના છાણાની રાખ દર એકરે માસિક ૨૫૦ ગ્રામ પ્રમાણે દરેક પિયતે આપી શકાય.

જીવામૃતનો ઉપયોગ– ૨૦૦ લીટર પાણી, ૧૦ કિલો દેશી ગાયનું છાણ, ૧૦ કિલો ગૌમુત્ર (તાજું કે વાસી), ૧ કિલો ગોળ, ૧ કિલો ચણાનો લોટ, ૨૫૦ ગ્રામ ગાયના છાણાની ભસ્મ, એક મુઠી શેઢાપાળાની માટી (વડ નીચેની માટી શ્રેષ્ઠ). આ બધાંને પ્લાસ્ટીકના વાસણમાં ભરી દર બાર કલાકે અવળું–સવળું હલાવવું. સાત દિવસ સુધી રોજ બે વખત હલાવીને તેનો ઉપયોગ પાણી સાથે મિકસ કરીને કરવો. ડ્રીપ હોય તો જીવામૃતના મિશ્રણને સિમેન્ટ અથવા પતરાંની ૬ ફુટ લાંબી ૩ ફુટ પહોળી અને ૩ ફુટ ઉંચી લઈ તેને કોઠાસૂઝ મુજબ તળીયાંમાં જાડી કાંકરી, વચ્ચે મધ્યમસર કાંકરી અને ઉપરના ભાગે ઝીણી રેતીનો લગભગ એક ફુટ જેટલો થર કરીને તેના પર દેશી ગાયનું છાણ એક ફુટ જેટલો થર કરી તેના પર અળશીયાં નાખી અને તેમાંથી જીવામૃત પસાર કરવાથી સારી રીતે ગળાઈ જાય છે અને સીધો ઉપયોગ કરી શકાય

વેસ્ટ ડીકમ્પોઝર– રાષ્ટ્રીય જૈવિક કૃષિ અનુસંધાન કેન્દ્ર દ્વારા બનાવાયેલી ૨૦ ગ્રામની વેસ્ટડીકમ્પોઝર બોટલ નું લીકવીડ ૫૦૦ લીટર પાણી સાથે પ્લાસ્ટીકની ટાંકીમાં લઈ તેમાં ચાર કિલો દેશી ગોળ નાખી દરરોજ હલાવતા રહેવું સાત દિવસે તૈયાર થયેલ લિકવીડને એક એકરના ખેતરમાં પિયત સાથે દર મહિને એકવાર આપવું. બીજીવાર જે ફોર્મ્યુલા બનાવેલી હોય તેમાંથી ૨૦ લીટર કાઢીને બીજા મહિને આ પ્રક્રિયાનું પુનરાવર્તન કરી તેનો ઉપયોગ કરવો.

(૪) વનસ્પતી સંસ્કાર: જમીનમાં કોઈપણ પાક વાવ્યા પછીના ૧૫ દિવસ બાદ ૧૫ લીટર પાણીમાં એક લીટર ગૌમૂત્ર સાથે ૨૫૦ ગ્રામ ગાયના છાણાની રાખ (ભસ્મ) ઝીણી જાળી વડે ગાળીને છંટકાવ કરવો. ત્યારબાદ પંદર દિવસ પછી ૧૫ લીટર પાણીમાં દેશી ગાયની ૩૦ દિવસ જૂની છાસમાં ૧૦૦ ગ્રામ હળદર પાવડર અને ૧૦ ગ્રામ હિંગનો પાવર મિકસ કરી છંટકાવ કરવો.

આ રીતે કાયમ માટે પાક વાવ્યા પછી અને પાક પુરો થાય ત્યાં સુધી રીપિટ કરતા રહેવું.

(૫) વાયુ સંસ્કાર : જમીનમાં રહેલ પોલાણ તેમજ જમીનથી આકાશ સુધીના વાતાવરણમાં રહેલા નુકશાનકર્તા બેકટેરીયા, ફુગના અંશ, વાયરસ, નેમેટોડસ ખતમ કરવા માટે તેમજ વનસ્પતિને જૈવિક ઉર્જા આપવા તેમજ પ્રકૃતિને ખીલવવા માટે કરવામાં આવતી પ્રક્રિયા કે જેને વેદમાં સાશ્વત દર્શાવેલ છે. તે દરરોજ સવારે જે તે સ્થળે સૂર્ય ઉગે ત્યારે અને સાંજે આથમે ત્યારે બે ટાઈમ હવન સ્વરૂપે થાય છે. તેને વાયુ સંસ્કાર પણ કહેવાય છે.

અગ્નિહોત્ર યજ્ઞ કરવાના પ્રથમ પગથિયાંમાં જે તે સ્થળના સૂર્યોદય અને સૂર્યાસ્તના નિયત સમયે (ઈન્ટરનેટમાં મળી શકે) ત્રાંબાના પિરામીડ આકારના પાત્રમાં દેશી ગાયના છાણાં, આઠ થી દસ ટીપાં દેશી ગાયનું ઘી, ચપટી આખા ચોખા, બન્ને સમયે દસ મિનિટ પહેલાં કુંડીમાં ગાયના છાણાં ગોઠવી લેવાના તેમાં અગ્નિ પ્રજવલ્લિત કરી ચોકકસ સમયે બે આહુતિ સૂર્યોદય વખતે " સૂર્યાય સ્વાહા, સૂર્યાય ઈદમ નમમ, પ્રજાપતયે સ્વાહા, પ્રજાપતય ઈદમ નમમ...," સૂર્યાસ્ત વખતે " અગ્નયે સ્વાહા, અગ્નયે ઈદમ નમમ...., પ્રજાપતયે સ્વાહા, પ્રજાપતયે ઈદમ નમમ... " મંત્ર ઉચ્ચારણ સાથે આપવાની. બીજો યજ્ઞ કરતી વખતે પાત્રની રાખ કાઢી લઈ તેનો ઉપયોગ ખેતીમાં પણ ઉપયોગ કરી શકાય.

ઉપરોકત બતાવેલા ભારતીય સંસ્કૃતિના મૂલ્યો દ્વારા નિર્મિત પાંચ સંસ્કારની ખેતી દ્વારા દુનિયાંનો સર્વશ્રેષ્ઠ સાત્વિક પાક ઉત્પાદિત થાય છે. પૃથ્વી પર સમગ્ર સૃષ્ટિ ના સાચા અન્નદાતા બનીને કલ્યાણ કરી જીવનના ચાર આનુસંગિક મુલ્યો ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાં ઉત્તમ બની શકો છો. આ કાર્ય છેલ્લાં ૧૨ વર્ષથી જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના કરાણામાં જમીન મંદિર (ભૂ મંદિર)નામની સંસ્થામાં થઈ રહયું છે. (સંદર્ભ સાહિત્યઆધારે)

# પંચગવ્યમાંથી બનાવાઈ ડાયાબીટીસની દવાઃ થયું સફળ પરીક્ષણ

## મેદસ્વીતા અને કમરની બિમારી પર પણ કરાયા સફળ પ્રયોગ

ગામડાંને ભારતીય સંસ્કૃતિમાં મુઠી ઉંચેરૂં સ્થાન મળ્યું છે. ગાયના દૂધ, દહીં, ઘી સહિતના પંચગવ્યમાંથી ઘણી બધી ઔષધિઓ બની શકે છે. તેના અસરકારક પુરવાર થઈ રહયા હોવાનું સામે આવ્યું છે.

સૌરાષ્ટ્ર યુનિ. અને જામનગરની આર્યુવેદ કોલેજના ગૌવિજ્ઞાન એવમ શોધ સંસ્થાન અને ગૌસેવા આયોગના ઉપક્રમે પંચગવ્ય આધારિત સંશોધનો વિદ્યાર્થીઓ દ્વારા હાથ ધરવામાં આવ્યાં હતાં. જેમાં ચાંદની રાજયગુરૂએ મેદસ્વી લોકોનું વજન ઘટાડવા મેદોહરી અર્કના સફળ પ્રયોગ કર્યા હતા. તો કાજલ દાવડાએ ગૌમૂત્ર આધારિત દવા બનાવી કમરની બિમારીમાં અસરકારક ઈલાજ પધ્ધતિને પ્રસ્થાપિત કરી હતી. એ જ રીતે રિધ્ધિ શુકલ, પરમ દવે અને મીના ભરવાડીયાનાં ગૌમૂત્ર આધારિત સફળ પરીક્ષણ અંગે ફાર્મસીના અધ્યક્ષ ડો. મિહીર રાવલે જણાવ્યું હતું કે, ગૌમૂત્ર આધારિત ડાયાબીટીસની દવાનું પરીક્ષણ યુનિ.ના કર્મચારીઓ પર કરવામાં આવ્યું હતું. જે કર્મચારીઓનું સુગર લેવલ ઉંચું રહેતું હતું, તેવા કર્મચારીઓએ એક મહિનો સુધી ગૌમૂત્ર આધારિત દવાની ગોળીઓ લીધા પછી સુગરનાં પ્રમાણમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે.

આ તમામ સંશોધકોને ૧૦–૧૦ હજારની સ્કોલરશીપ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહીત કરાયા હતા.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક તેજસ ચંદ્રવદન પટ્ટણીએ જય કચ્છ કાર્યાલય હાટકેશ કોમ્પલેક્ષ છઠીબારી ભુજથી પ્રસિધ્ધ કર્યું.